

75 Azadi Ka Amrit Mahotsav


# NRG TIMES

A FORTNIGHTLY NEWSLETTER FROM NRGS' FOUNDATION


CONNECTING GUJARATIS' DIASPORA GLOBALLY

પ્રકાશક : એનઆરજી ફાઉન્ડેશન, ગાંધીનગર

તા. માર્ચ ૧૫, ૨૦૨૨ • ફાગણ સુદ ૧૨, સંવત ૨૦૭૮



NGF Gujarat State Non-Resident Gujaratis' Foundation (A Government of Gujarat Organization)



**Shri Bhupendra Patel**
Hon'ble Chief Minister
Gujarat State



**Shri Harsh Sanghvi**
Hon'ble Minister of State
for NRGs (Independent Charge),
Govt. of Gujarat



**Shri Dhananjay Dwivedi(I/C), IAS**
Hon'ble Chairman, GSNRGF
Secretary (NRI),
Govt. of Gujarat



**Shri Vikramsinh Jadav**
Director
GSNRGF

Contact Address

**Gujarat State Non-Resident Gujaratis' Foundation**
Block No. 16, 3rd Floor,
Udhyog Bhavan, Sector - 11,
Gandhinagar.

Phone : +91-79-23238278

E-mail : nrgfoundation@yahoo.co.in

www.facebook.com/GSNRGF



FOR
PRIVATE CIRCULATION ONLY


## ગુજરાતની બે દિવસીય મુલાકાતે આવેલા પ્રધાનમંત્રીશ્રી દ્વારા ખેલકૂદ મહાકુંભના ઉદઘાટન સહિત વિવિધ કાર્યક્રમો



પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદી ૧૧ અને ૧૨ માર્ચ દરમિયાન વતન રાજ્ય ગુજરાતની બે દિવસીય મુલાકાતે આવ્યા હતા. જે દરમિયાન પ્રથમ દિવસ ૧૧ માર્ચે અમદાવાદના જીએમડીસી ગ્રાઉન્ડ ખાતે યોજાયેલા ગુજરાત પંચાયત મહાસંમેલનમાં તેઓએ હાજરી આપી હતી. આ કાર્યક્રમમાં જનપ્રતિનિધિઓને સંબોધતા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું હતું કે, ગુજરાત એ ગાંધી અને સરદારની ભૂમિ છે. પૂજ્ય બાપુએ હંમેશા ગ્રામીણ વિકાસ અને આત્મનિર્ભરતાની વાત કરી છે. આપણે જ્યારે આઝાદીનો અમૃત મહોત્સવ ઉજવી રહ્યા છીએ ત્યારે પૂજ્ય બાપુના ગ્રામ વિકાસ અને આત્મનિર્ભરતાના સ્વપ્નને સાકાર કરવા આપણે સૌ કટિબદ્ધ બનીએ. આ કાર્યક્રમમાં ગુજરાતના રાજ્યપાલશ્રી અને મુખ્યમંત્રીશ્રીએ પણ ઉપસ્થિત રહી પ્રેરક સંબોધનો કર્યા હતા. ગુજરાત મુલાકાતના બીજા દિવસ ૧૨ માર્ચે પ્રધાનમંત્રીશ્રીએ રાષ્ટ્રીય રક્ષા વિશ્વવિદ્યાલયનું અત્યાધુનિક ભવન રાષ્ટ્રને સમર્પિત



કરી તેનું પ્રથમ દીક્ષાંત સંબોધન કર્યું હતું. આ પ્રસંગે કેન્દ્રીય ગૃહ મંત્રી અને સહકાર મંત્રી શ્રી અમિત શાહ, ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રત અને ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. શ્રી મોદીએ પોલીસ અને સુરક્ષા કર્મચારીઓની છબી બદલવાની જરૂરિયાત પર ભાર મૂકતા કોરોના મહામારી દરમિયાન પોલીસ કર્મચારીઓ દ્વારા કરવામાં આવેલા માનવીય કાર્યોની નોંધ પણ લીધી છે. ત્યારબાદ પ્રધાનમંત્રીશ્રી મોદીએ




અમદાવાદના સરદાર પટેલ સ્ટેડિયમ ખાતે ખેલકૂદ મહાકુંભના ૧૧મા સંસ્કરણનું ઉદઘાટન કર્યું હતું અને ભાગ લઈ રહેલા યુવાનોને સંબોધન કર્યું હતું. તેમણે કહ્યું હતું કે ગુજરાતના યુવાનો આજે આભને આંબવા આતુર છે. આ માત્ર ખેલ મહાકુંભ જ નથી પણ ગુજરાતની યુવાશક્તિનો પણ મહાકુંભ છે. ૧૨ વર્ષ પહેલા જ્યારે આ ખેલ મહાકુંભ શરૂ થયો ત્યારે મેં જોયેલું સ્વપ્ન આજે વટવૃક્ષ બની વિશ્વભરમાં વિસ્તર્યું છે. ૧૬ રમતો અને ૧૩ લાખ સ્પર્ધકોથી શરૂ થયેલ આ કાર્યક્રમમાં આજે ૫૫ લાખથી વધુ રમતવીરો ૩૬થી વધુ રમતોમાં ભાગ લઈ રહ્યા છે.

(Source : https://cmogujarat.gov.in)

વહાલા બિન નિવાસી ગુજરાતી મિત્રો,
NRG Times માટે આપનો પ્રતિભાવ તેમજ કોઇ સુચન હોય તો મોકલી આપવા વિનંતી છે. જેથી આપના માટે પ્રકાશિત થતાં આ મેગેઝીનને વધુ ઉપયોગી બનાવી શકાય.

## નવસારીની યુવતીએ USમાં રૉબોટિક્સમાં પેટન્ટ મેળવી



મૂળ નવસારી જિલ્લાના તલાવચોરાની યુવતીએ 'વર્લ્ડ ઓફ રોબોટીક્સ'માં નામ રોશન કર્યું છે અને તેની બે શોધની તો પેટન્ટ પણ કરી દેવાઈ છે. તલાવચોરા ગામની મૂળ વતની અને અમદાવાદમાં ઉછરેલી રૂટા પરિમલ દેસાઈએ અમેરિકામાં રોબોટીક્સની શોધમાં નામ રોશન કર્યું છે. અમેરિકાની મેટા રિયાલિટી લેબ્સમાં રિસર્ચ વૈજ્ઞાનિક અને મેનેજર તરીકે ફરજ બજાવતી રૂટા દેસાઈએ અન્ય અનેક ડિગ્રીઓ મેળવવા ઉપરાંત કારનેજી મેલોન યુનિવર્સિટીમાં 'રોબોટીક્સ'માં પીએચડી કર્યું છે અને રોબોટીક્સમાં અનેક સંશોધન પેપરો રજૂ કર્યા છે. રોબોટીકમાં રૂટા દેસાઈના બે સંશોધન પેટન્ટ પણ થયા છે.

(Source : www.divyabhaskar.co.in)

## ભારતીય વિદ્યાર્થીઓની વિદેશમાં મદદ કરતી સંસ્થા




ગુજરાતમાંથી હજારો વિદ્યાર્થીઓ વિદેશ અભ્યાસ અર્થે અમેરિકા જતા હોય છે. લોસ એન્જલસની સેરીટોસ કોલેજ ખૂબ જ પ્રખ્યાત છે જેમાં અમેરિકાના ગુજરાતી પરિવારોના સંતાનો પણ મોટી સંખ્યામાં અભ્યાસ કરે છે. ઘણી વાર લાખો રૂપિયાની ફી ભર્યા બાદ પરદેશમાં રહેવા અને જમવાની વ્યવસ્થાને લઇ અનેક પ્રશ્નો ઉભા થાય છે. આ સ્થિતિમાં અમેરિકામાં સ્થાયી થયેલા ગુજરાતી વેપારીઓએ વિદ્યાર્થીઓ માટે નિઃશુલ્ક રહેવા અને જમવાની વ્યવસ્થા કરી મદદ કરી આપવાનું બીડું ઝડપ્યું છે જે અંતર્ગત લોસ એન્જલસની સૌથી મોટી કોલેજ સેરીટોસ કોલેજમાં ફાલ્કન નેસ્ટ ફી પેન્ટ્રી પ્રોગ્રામની શરૂઆત કરવામાં આવી છે. આ માટે યોગી પટેલ અને બેન્કર પરિમલ શાહ કાર્યરત રહે છે.

(Source : https://sandesh.com)

## અમેરિકા સ્થિત દાતા દર્શક પટેલને એક કરોડના દાન બદલ દાનભાસ્કર એવોર્ડ એનાયત



યુક્રેનમાં યુદ્ધની પરિસ્થિતીમાં ઘણા ગુજરાતીઓ અટવાયા હતા. આ પરિસ્થિતીમાં યુક્રેનની રાજધાની કિવમાં વડોદરાના મનીષ દવેએ પોતાના 'સાથિયા' રેસ્ટોરન્ટમાં જમવાની સાથે આશરો પણ આપ્યો હતો. તેમની આ સેવાકીય પ્રવૃત્તિની વિશ્વભરમાં નોંધ લેવામાં આવી છે. મનીષ દવે થોડા મહિના પહેલાં જ યુક્રેન આવ્યા હતા અને જાન્યુઆરીમાં જ રેસ્ટોરન્ટની શરૂઆત કરી હતી. સેવાકીય પ્રવૃત્તિ માટે ઉત્સુક એવા મનીષ દવેએ સોશિયલ મીડિયામાં લોકોને આશરો, ફૂડ અને ક્ષમતા મુજબ રહેવાની વ્યવસ્થા કરી આપવાની જાહેરાત કરી હતી.

(Source : www.divyabhaskar.co.in)

## કોલફિલ્ડ ગુજરાતી સમાજ દ્વારા હર્બલ ગુલાલથી હોળીની ઉજવણી



ઝારખંડ, ધનબાદ સ્થિત કોલફિલ્ડ ગુજરાતી સમાજ દ્વારા ૧૩મી માર્ચ, રવિવારે શાસ્ત્રીનગર સ્થિત શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ ભવન ખાતે હર્બલ ગુલાલ અને ફૂલો સાથે હોળી મિલન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં કોલફિલ્ડ ડીઆઈજી મયુરભાઈ કન્હૈયાલાલ પટેલ મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં મુંબઈના હાસ્યલેખક સુનિલભાઈ સોનીએ ગુજરાતી રમૂજી કવિતાઓનું પઠન કરીને સૌને મંત્રમુગ્ધ કરી દીધા હતા. આ દરમિયાન હોળી નૃત્ય ઉપરાંત એક મહાન મૂર્ખ સંમેલનનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

(Source : www.livehindustan.com)

## અમેરિકાની નોવાવેકસના સંશોધક ડૉ. નીતાબેન પટેલે વતન સોજિત્રામાં દાન



મૂળ સોજિત્રાના વતની અને અમેરિકાની દિગ્ગજ ફાર્મા કંપની નોવાવેક્સમાં સિનિયર વેક્સીન ડેવલપમેન્ટ ડાયરેક્ટર તરીકે ફરજ બજાવતા ડૉ. નીતાબેન પટેલ દ્વારા કોરોનાની રસી બનાવ્યા બાદ દુનિયાભરમાં તેમનું નામ ગાજતું થયું છે. તાજેતરમાં તેઓ વતનની મુલાકાતે આવ્યા હતા સોજિત્રાના કેળવણી સહાયક મંડળ દ્વારા તેમના સન્માનનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં ડૉ. નીતાબેને કેળવણી સહાયક મંડળને પાંચ હજાર ડોલર જેટલી રકમ જે. એસ. પટેલ હાઈસ્કૂલ ફોર ગર્લ્સને કોમ્પ્યુટર લાવવા માટે આપવાની જાહેરાત કરી હતી.

(Source : www.divyabhaskar.co.in)

## કેન્યા ક્રિકેટ બોર્ડના ચેરમેન પદે મનોજ છાભૈયા ચૂંટાયા



કેન્યા ક્રિકેટ બોર્ડના ચેરમેન તરીકે મૂળ કચ્છના નખત્રાણા તાલુકાના ખીરસરા (રોહા) ગામના મનોજ નરશીભાઈ છાભૈયા ચૂંટાઈ આવતાં વૈશ્વિક ક્રિકેટ ક્ષેત્રે એક કચ્છીએ નવું સીમા ચિન્હ હાંસલ કર્યું છે. મોમ્બાસામાં મોઇ ઇન્ટરનેશનલ સ્પોર્ટ્સ સેન્ટર કસરાની ખાતે યોજાયેલ ક્રિકેટ કેન્યાની ચૂંટણીમાં મનોજ પટેલનો ભવ્ય વિજય થયો હતો. મનોજ છાભૈયા કેન્યાની અન્ડર-૧૯ ક્રિકેટ ટીમમાં ઓપનિંગ બેટ્સમેન રહી ચૂક્યા છે. તેમનો પરિવાર ૩૫ વર્ષથી મોમ્બાસામાં વસવાટ કરે છે અને કન્સ્ટ્રક્શન સહિતનું બિઝનેસ સામ્રાજ્ય ધરાવે છે.

(Source : www.divyabhaskar.com)

## જિલ્લા, રાજ્ય કે દેશ બહાર વસતા કોઈ પણ દાતા અથવા ગામના વ્યક્તિના દાન અને રાજ્ય સરકારશ્રીના અનુદાનથી ગામડાઓમાં વધુ સારી સગવડો ઉભી કરવાની અને દાતાઓને પ્રોત્સાહન આપવાની ‘વતન પ્રેમ યોજના’

ગુજરાત સરકાર દ્વારા તા. ૧૮/૦૮/૨૦૨૦ના ઠરાવથી જિલ્લા, રાજ્ય કે દેશ બહાર વસતા કોઈ પણ દાતા અથવા ગામના વ્યક્તિના દાન અને રાજ્ય સરકારશ્રીના અનુદાનથી ગામડાઓમાં વધુ સારી સગવડો ઉભી કરવા અને દાતાઓને પ્રોત્સાહન આપવા માટે ‘માદરે વતન યોજના’ અમલમાં મૂકવામાં આવી હતી.

ગુજરાતના ગામડાઓના સર્વાંગી વિકાસ કાર્યો અને ઉત્તમ જનસુવિધાઓ થકી વતન પ્રેમીઓને જન્મભૂમિ, માતૃભૂમિનું ઋણ ચૂકવવાની ઉત્તમ તક આપવા જન હિત વિકાસ કાર્યોમાં જન ભાગીદારીના સૌથી મોટા અભિયાન તરીકે આ યોજના રાજ્ય સરકારશ્રી દ્વારા દાખલ કરવામાં આવી હતી. આ યોજના દ્વારા સરકાર, દાતાઓ તેમજ ગામના લોકો વચ્ચે જન કલ્યાણ - વિકાસકીય ત્રિવેણી સંગમ થકી ગામમાં સુવિધાઓ વધારી ગામને વધુ જીવંત બનાવવાની કલ્યાણકારી ભાવના સાથે અમલમાં મુકવામાં આવી હતી. આ યોજનાનો વ્યાપ અને અગત્યતા ધ્યાને લઈને યોજનાના વધુ અસરકારક અમલ માટે મૂળ યોજનામાં જરૂરી સુધારા-વધારા કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાના અંતે યોજનાની મૂળ જોગવાઇઓમાં ફેરફાર કરીને નીચેની જોગવાઇઓને આધીન રહીને અમલીકરણ કરવાનું ઠરાવવામાં આવ્યું છે.

(૧) આ યોજનાનું નામ ‘વતન પ્રેમ યોજના’ રહેશે.

(૨) યોજના હેઠળ લઈ શકાય તેવા કામોની સૂચિઃ

૧. શાળાના ઓરડા અથવા સ્માર્ટ કલાસ
૨. કોમ્યુનિટી હોલ
૩. પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર (આરોગ્ય વિભાગ દ્વારા સેટ અપ મંજૂર થયેલ હોવું જોઈએ) - પેટા આરોગ્ય કેન્દ્રનું મકાન
૪. આંગણવાડી - મધ્યાહન ભોજનનું રસોડુ - સ્ટોરરૂમ
૫. પુસ્તકાલય
૬. રમતગમત માટે વ્યાયામ શાળાનું મકાન અને સાધનો.
૭. સી.સી.ટી.વી. કેમેરા સર્વેલન્સ સિસ્ટમ
૮. સ્મશાનગૃહ
૯. વોટર રીસાયકલીંગની વ્યવસ્થા તથા ગટર/STP ઇત્યાદી
૧૦. તળાવ બ્યુટીફીકેશન
૧૧. એસ.ટી.સ્ટેન્ડ
૧૨. સોલર એનર્જી સ્ટ્રીટલાઇટ અને પાણીના ટ્યુબવેલ-કુવાની-પાણીની ટાંકીની મોટર ચલાવવા માટે

(૩) ઉપરોકત કામોના નિયત ખર્ચ પૈકી દાતા/દાતાઓ પોતાના ગામમાં ૬૦ ટકા કે તેથી વધુ રકમનું દાન આપીને કામ કરાવી શકશે. દાતાના રકમની સામે ખૂટતી ૪૦ ટકા રકમનું રાજ્ય સરકાર અનુદાન કરશે.

(૪) આ યોજનાના અસરકારક અમલીકરણ માટે ‘વતન પ્રેમ યોજના સોસાયટી’ની રચના કરાવાની રહેશે. આ સોસાયટી અંતર્ગત ગવર્નિંગ બોડી અને કારોબારી સમિતિ રહેશે. માન. મુખ્યમંત્રીશ્રી આ સોસાયટીની ગવર્નિંગ બોડીના અધ્યક્ષ રહેશે જ્યારે માન. રા.ક.મંત્રીશ્રી (પંચાયત) તેના ઉપાધ્યક્ષ રહેશે. અધિક મુખ્ય સચિવશ્રી (પંચાયત) કારોબારી સમિતિના ચેરમેન રહેશે.

(૫) આ યોજનાના કામો કરવા માટે ‘વતન પ્રેમ સોસાયટી’ દ્વારા Project Management Unit (PMU) ની રચના કરવામાં આવશે. P M U દ્વારા આ યોજનાના અસરકારક અમલીકરણ માટે વેબ પોર્ટલ અને મોબાઈલ એપ તૈયાર કરવામાં આવશે. આ પોર્ટલ દ્વારા દાતાઓના દાનની રકમ તથા સરકારની અનુદાનની રકમ યોજના માટે ખોલાવેલ અલગ એકાઉન્ટમાં જમા થશે. આ રકમ જમા થયા પછી જે તે કામ પાછળ ખર્ચ કરી શકાશે. કોઈ પણ શિડ્યુલ બેન્કની મદદથી પોર્ટલ ખુલશે, પોર્ટલ ઉપર કામોની વિગત, કામની ટાઈપ ડિઝાઈન, કામના અંદાજ દર્શાવવામાં આવશે જેથી દાતાને દાન આપવા માટે તમામ માહિતી મળી શકે અને સુવિધા રહે.

### બિન-નિવાસી ગુજરાતીઓને પ્રતિષ્ઠાન સાથે જોડાવા આહ્વાન



અત્યાર સુધીમાં અનેક બિન-નિવાસી ગુજરાતીઓ ગુજરાત રાજ્ય બિન-નિવાસી ગુજરાતી પ્રતિષ્ઠાન સાથે જોડાઇ ચૂક્યા છે.

**આપ જોડાયા?**

જો આપ ન જોડાયા હોવ તો આજે જ આપનો ડેટાબેઝ (નામ અને સંપર્કની વિગતો) ઈ-મેઇલ (nrgfoundation@yahoo.co.in) દ્વારા , કુરિયર કે પોસ્ટ દ્વારા મોકલી ગુજરાત રાજ્ય બિન-નિવાસી પ્રતિષ્ઠાન સાથે જોડાવા હાર્દિક આહ્વાન છે.

### બિન-નિવાસી ગુજરાતીઓને ક્ષેત્રિય કક્ષાએ સુવિધાઓ પુરી પાડતા એન.આર.જી. સેન્ટર




બિન-નિવાસી ગુજરાતીઓને ક્ષેત્રિય કક્ષાએ સુવિધાઓ પુરી પાડવા ગુજરાત રાજ્ય બિન નિવાસી ગુજરાતી પ્રતિષ્ઠાને ગુજરાતભરમાં અમદાવાદ, આણંદ, સુરત, વડોદરા, રાજકોટ અને મહેસાણા જેવા મુખ્ય શહેરોમાં એન.આર.જી. સેન્ટર્સ સ્થાપ્યા છે જે બિન નિવાસી ગુજરાતીઓને સુવિધાઓ પુરી પડે છે.

આ સેન્ટર્સ નીચે પ્રમાણેની સુવિધાઓ પુરી પડે છે.

- પ્રવાસન માર્ગદર્શન
- નિવાસ માર્ગદર્શન
- તબીબી સેવાઓમાં માર્ગદર્શન
- વ્યાપાર તકો અંગે માર્ગદર્શન
- શૈક્ષણિક તકો અંગે માર્ગદર્શન
- વિદેશી ચલણ મેળવવા અંગે માર્ગદર્શન
- ખરીદી અંગે માર્ગદર્શન
- બિન નિવાસી ગુજરાતી ડિરેક્ટરીમાં મદદ
- ગુજરાત કાર્ડની અરજીઓ સ્વીકારવી

### ગુજરાત કાર્ડ ઓનલાઈન મેળવો



બિન - નિવાસી ગુજરાતીઓની ગુજરાત મુલાકાત યાદગાર બનાવવા ગુજરાત રાજ્ય બિન-નિવાસી ગુજરાતી પ્રતિષ્ઠાન દ્વારા ‘ગુજરાત કાર્ડ’ એક આગવી ઓળખ આપવામાં આવે છે. વિદેશમાં વસતા તથા ભારતમાં ગુજરાત બહાર વસતા બિન-નિવાસી ગુજરાતીઓને રૂ.૨૨૫ અથવા ૫ (પાંચ) યુ.એસ. ડોલરની નજીવી કિંમતે ગુજરાત કાર્ડ આપવામાં આવે છે. આ કાર્ડ હવે પ્રતિષ્ઠાનની વેબસાઇટ www.nri.gujarat.gov.in પરથી ઓનલાઇન ફોર્મ ભરી સાથે જરૂરી દસ્તાવેજો જોડી તેમજ પેમેન્ટ ગેટ વે દ્વારા ઓનલાઇન ફી ભરી મેળવી શકાય છે.

NRG TIMES
A FORTNIGHTLY NEWSLETTER FROM NRGS' FOUNDATION
CONNECTING GUJARATIS' DIASPORA GLOBALLY



Gujarat State Non-Resident Gujaratis' Foundation
(A Government of Gujarat Organization)

# ગુજરાતમાં હોળી ધુળેટી ની કેટલીક અનોખી પરંપરાઓ



**રાજ્યભરમાં હોળી - ધુળેટીના પર્વની ઉજવણી કરવામાં આવે છે. ગુજરાતમાં અનેક એવા સ્થળો છે જ્યાં હોળી અને ધુળેટીના તહેવારની ઉજવણી કંઇક અલગ અને અનોખી રીતે કરવામાં આવે છે. એ પછી સિદ્ધપુર હોય, ગિર પંથક હોય, આદિવાસી વિસ્તાર હોય, કચ્છનું અંજાર હોય કે વિસનગર. દરેક સ્થળે હોળી મનાવવાની પોતાની એક આગવી અને અનોખી પરંપરા છે.**

## સિદ્ધપુરમાં બિલોરી કાચથી પ્રગટાવાય છે હોળી



સામાન્ય રીતે હોળી પ્રગટાવવા માટે દિવાસળી, કેરોસીન, ઘી-તેલનો ઉપયોગ કરવામાં આવે છે, પરંતુ સિદ્ધપુર શહેરમાં અનોખી રીતે હોળી પ્રગટાવવામાં આવે છે. શહેરમાં જોષીઓની ખડકી દ્વારા સૂર્યના કિરણોથી બિલોરી કાચ વડે છાણાંમાં અગ્નિ પ્રગટાવવામાં આવે છે અને આ પ્રગટાવેલ હોળીના અંગારાઓને છાણાંઓમાં લઈને શહેરના વિવિધ શેરી, મહોલ્લામાં વાજતે ગાજતે હોળી પ્રગટાવવામાં આવે છે. આ પ્રાચીન પરંપરા છેલ્લા ૧૧૦ વર્ષથી અકબંધ જળવાઈ રહી છે. સિધ્ધપુરના રાજા સિધ્ધરાજ જયસિંહના સમયથી આ પ્રમાણે બિલોરી કાચથી હોળી પ્રગટાવવામાં આવે છે. હોળી પ્રગટાવ્યા બાદ ભવાઈની પરંપરા આજે પણ ચાલુ છે.

## અંજારની હોળીમાં ઇશાકડીનો વરઘોડો કાઢવાની પરંપરા

કચ્છના ઐતિહાસિક અંજાર શહેરમાં ૨૦૦થી વધુ વર્ષોથી ચાલી આવતી અનોખી પરંપરા પ્રમાણે ઈશાકચંદ્ર ઉર્ફે ઉશાકડો અને




ઈશાકડીના ધામધુમથી લગ્ન કરવા સાથે હોળી - ધુળેટી પર્વની આગવી ઉજવણી થાય છે. લગ્ને લગ્ને કુંવારા ઈશાકનું મંડપારોપણ થાય અને શહેરીજનો સાટા જેવી મીઠાઈથી એકબીજાના મોંઢા મીઠા કરાવે છે. હોળીની રાતે વરઘોડામાં યુવાનોને ઢોલના તાલે તલવારબાજી અને પટ્ટાબાજીના કરતબ ખેલતા જોવા એ પણ લહાવો છે. પાછળ વાહનમાં 'લાડો' ઈશાક સજીધજીને બેઠો હોય, તેની પાછળ જાનૈયાના રૂપમાં શહેરીજનો ફટાણા-લગ્નગીત ગાતા હોય છે. ધુળેટીના દિવસે વિવાહ સંપન્ન થતાં ઢોલ-ત્રાસા સાથે ઘેરૈયાઓના મર્દાનગીભર્યા ખેલ સાથે નાચ-ગાન ચાલે છે. વાહનમાં ઈશાકચંદ્રની સાથે ઈશાકડી પણ ગોઠવાઈ ગઈ હોય છે.

## વિસનગરમાં ધુળેટી પર્વે ખાસડા યુધ્ધની પરંપરા

વિસનગરમાં ધુળેટીના પર્વે પરંપરાગત ખાસડા યુધ્ધની ઉજવણી કરવામાં આવે છે જેમાં તમામ જ્ઞાતિના લોકો જોડાઇ ખજૂર ભરેલો ઘડો મેળવવા એકબીજાની સામે ખાસડા ફેંકી પરંપરાની ઉજવણી કરે છે. વિસનગરના મંડી બજાર વિસ્તારમાં છેલ્લા ૨૦૦ કરતાં પણ વધુ વર્ષથી ધુળેટીના પર્વે વહેલી સવારે પરંપરાગત ખાસડા યુધ્ધની ઉજવણી કરવામાં આવે છે. આ યુધ્ધમાં જેને ખાસડુ વાગે તેનું વર્ષ સારું જતું હોવાની માન્યતા હોવાથી મોટી સંખ્યામાં લોકો



જોડાય છે અને એકબીજા ઉપર ખાસડા ફેંકી ખજૂર ભરેલ ઘડો મેળવવાનો પ્રયાસ કરે છે.

## ગીર પંથકમાં 'રા'નો વરઘોડો કાઢવાની પ્રથા

હોળી પર્વ નિમિત્તે તાલાલા ગીર પંથકના અમુક ગામોમાં 'રા'નો વરઘોડો કાઢવામાં આવે છે. એવી માન્યતા છે કે આ વરઘોડોમાં 'રા' બનનાર જો નિ:સંતાન હોય તો તેને સંતાન પ્રાપ્ત થાય છે. તાલાલા



ગીરપંથકના બોરવાવ, ધાવા, માધુપુર અને ગુંદરણ ગામે આ પ્રથા અનુસાર 'રા'નો વરઘોડો કાઢવામાં આવે છે. હોળીએ 'રા' બનનાર વ્યક્તિને જૂનાં ફાટેલા કપડાં અને ગળામાં ખાસડાંનો હાર પહેરાવવામાં આવે છે. પછી તેને ઉંધા ગધેડા પર બેસાડી ઢોલ અને શરણાઈઓના નાદ સાથે આખા ગામમાં તેનો વરઘોડો કાઢવામાં આવે છે. વરઘોડાના 'રા' ગામ આખામાં ફરીને લોકો પાસેથી ગોઠ ઉઘરાવે છે. લોકો તેના દુખણા લે છે. ગોઠમાં જે પૈસા એકત્ર થાય એ પૈસામાંથી પક્ષીઓ માટે ચણ અને મુંગા પશુઓ માટે ઘાસચારો ખરીદવામાં આવે છે. આ રીતે નિર્દોષ પશુ-પક્ષીઓની સેવા કરવામાં આવે છે. આ પ્રસંગમાં ગામ લોકો ઉત્સાહભેર ભાગ લે છે.

## વેરાવળમાં ભોઇજ્ઞાતિની અનોખી પરંપરા



વેરાવળમાં હોળી વખતે દર વર્ષે ભોઇ જ્ઞાતિ દ્વારા ભૈરવનાથની પ્રતિમા બનાવવામાં આવે છે. ભૈરવનાથની પ્રતિમા પથ્થર, વાંસ તથા પલાળેલી માટી દ્વારા પારંગત કારીગરો દ્વારા બનાવવામાં આવે છે જે ૧૮ થી ૩૫ ફૂટ ઊંચી અને વિશાળ હોય છે. પ્રતિમાને રંગબેરંગી ચમકતા કાગળો તથા સુંદર ફુલો, આભુષણો દ્વારા સુશોભીત કરવામાં આવે છે. પ્રભાસપાટણના રામરાખ ચોક તથા પાટચખલા ચોકમાં સમસ્ત નગરજનો દ્વારા હોલીકા ઉત્સવની સાથે ભૈરવનાથની પ્રતિમાનું માટીથી નિર્માણ કરી હોળી તથા ધુળેટીનાં દિવસે પૂજા-અર્ચના કરવામાં આવે છે. આ પ્રતિમાના દર્શન કરીને તેને ગાળો દેવાની પરંપરા છે. અહીં પૈસા ધરાવીને પગે લાગવાથી માનતા પૂર્ણ થતી હોવાની પણ માન્યતા છે. હોળીના આગલા દિવસે મધરાત્રીએ સંપૂર્ણ મુર્તિ પ્રતિષ્ઠા કરવામાં આવે છે. આ ઉત્સવ ધુળેટીનાં મધ્યાહન સુધી ચાલે છે. માટીમાંથી બનાવવામાં આવતી આ પ્રતિમાનું બાદમાં વિસર્જન કરી નાંખવામાં આવે છે.

## બાઠીવાડામાં ધુળેટીની સવારે પ્રગટાવાય છે હોળી

સામાન્ય રીતે સમગ્ર દેશમાં હોળીનો તહેવાર ફાગણ સુદ પૂર્ણિમાના દિવસે ઉજવાય છે પરંતુ અરવલ્લી જિલ્લાનું એક એવું ગામ કે જ્યાં ધુળેટીના દિવસે હોળી પ્રગટાવી તહેવાર ઉજવાય છે. જિલ્લાના મેઘરજ તાલુકામાં આવેલા બાઠીવાડા ગામે બક્ષીપંચ સમાજની વસતી રહે છે. એક જ ગામના કુલ બાર મુવાડા છે જેમાં દસથી બાર હજારની વસતી



વસવાટ કરે છે. આ ગામમાં દિવાળી કરતા પણ હોળી મોટો તહેવાર ગણાય છે. હોળી ઉજવવા લોકો દેશ-પરદેશમાંથી પોતાના વતનમાં આવે છે. સમાજમાં કહેવત છે કે, 'દિવાળી અઠે-કઠે પણ હોળી તો માદરે વતને જ'. બારેબાર મુવાડાના અબાલવૃદ્ધ મોટી સંખ્યામાં ઢોલ-ત્રાંસા-લાઠીઓ સાથે એક જ સ્થળે ઢોલ રમતા રમતા ભેગા થાય છે અને સમાજના મુખી રૂઢિગત રિવાજ પ્રમાણે હોળીની ખાદ્ય કરે છે. ખાદ્યનો ખાડો ખોદી તેમાં માટીના ચાર લાડુ મૂકી તેના ઉપર કુંભ મૂકી ધજા સહિતનો સ્તંભ રોપવામાં આવે છે. તમામ મુવાડાના લોકો અલગ-અલગ ગ્રુપ બનાવી સમૂહમાં મહિલાઓ સહિત ઢોલ વગાડી લાઠીઓ વડે હોળીના ગીતો ગાઈ ઘેર રમતા આવે છે. ત્યાર બાદ ગણતરીની દસ જ મિનિટમાં સ્તંભની આજુબાજુમાં લાકડાનો મોટો થર બનાવવામાં આવે છે. ત્યારબાદ સમાજના મુખી સમાજના આગેવાનો સાથે શ્રીફળ વધેરી અગ્નિ પ્રગટાવવા માટેના ચાર કાકડા તૈયાર કરે છે. આગેવાનો સળગતા કાકડા હાથમાં લઇ ખૂબ જ ઝડપથી દોડતા હોળીની પ્રદક્ષિણા કરતા હોળી પ્રજ્વલિત કરે છે. હોળી પ્રગટી ગયા પછી ઉપસ્થિત સૌ કોઈ હાથમાં શ્રીફળ-પાણીનો લોટો રાખી સામુહિક રીતે હોળીની પ્રદક્ષિણા કરી હજારોની સંખ્યામાં છુટા હાથે શ્રીફળની સામુહિક આહુતિ આપતા હોય છે. આમ પરંપરાગત રીતે પોતાના ભાતીગળ ગણવેશમાં સજ્જ થઇ બાઠીવાડાનો ઠાકોર સમાજ ધુળેટીના દિવસે હોળીનો ઉત્સવ મનાવે છે. હોલિકા દહનના દર્શન પછી બારે મુવાડાના લોકો પોતપોતાના મુવાડામાં જઈ ઢોલ રમે છે. ત્યારબાદ સાંજે જે સ્થળે હોલિકા દહન થયું હતું તે જગાએ સમગ્ર ગામ પાણીનો લોટો લઇ હોળીને ટાઢી પાડે છે. તથા હોળીના સ્તંભની નીચે મુકેલ માટીના લાડુ તથા કુંભ કાઢી તેમાં કેટલો ભેજ રહેલો છે તેના ઉપરથી વરતારો એટલે કે આવતું વર્ષ ખેતી માટે કેવું રહેશે તે નક્કી કરવામાં આવે છે. આમ આ વિસ્તારના બક્ષીપંચ સમાજના લોકો જુના વેર જેર ભૂલી જઈ એક થઇ હોળી ઉત્સવ ઉજવી વર્ષો જૂની આ પરંપરાને જાળવી રાખે છે.

## આદિવાસીઓ માટે હોળી - 'ખાવલા, પીવલા ને નાચુલા'



હોળી એ આદિવાસીઓનો સૌથી મોટો મહાત્મ્ય ધરાવતો તહેવાર છે. ફાગણ સુદ એકમથી જ આ તહેવારની ઉજવણી માટેની તૈયારી શરૂ થઈ જાય છે. પેટિયું રળવા બહારગામ જતા આદિવાસીઓ આ સમયે અચૂક વતન આવી પહોંચે છે. દૂર નોકરી કરતા લોકો પણ આ દિવસે જરૂરથી વતને આવતા હોય છે. 'ખાવલા, પીવલા ને નાચુલા' માટે અતિ પ્રિય આ આદિવાસીઓ હોળીના તહેવાર દરમ્યાન ગીતો ગાઇ તારપું, પાવી, કાંહળી, ઢોલક-મંજીરાં વગેરે વાદ્યોની મસ્તીમાં ઝુમી ઊઠે ત્યારે તો એવું વાતાવરણ સર્જાઈ ઊઠે કે જાણે એમનાં નૃત્યને નિહાળવા દેવતાઓ પણ ઉતરી આવતા ન હોય! દક્ષિણ ગુજરાતને ગામડે-ગામડે હોળી પ્રગટાવાય છે, હોળીબાઈના ગીતો ગવાય છે. ગીતો દ્વારા દેવીઓને આ પ્રસંગે ઉપસ્થિત રહેવા વિનવવામાં આવે છે. આ પ્રસંગે સ્ત્રી-પુરૂષો એકમેકની કમરમાં હાથ નાખી કુંડાળામાં ફરતાં-ફરતાં ગીતો ગાય અને મસ્તીમાં નૃત્ય કરે છે. આ તહેવાર ફાગણ વદ પાંચમ સુધી ચાલે છે. હોળીના દિવસો દરમ્યાન ખજૂરનો મહિમા વધી જાય છે. ગ્રામ્ય વિસ્તારોમાં ભરાતા હાટ-બજારોમાં ખજૂરનું ખૂબ વેચાણ થાય છે. દક્ષિણ ગુજરાતના ધરમપુર, કપરાડા, આહવા-ડાંગ, ચીખલી તથા વલસાડ તાલુકાઓમાં કુંકણાં, વારલી, ધોડિયા, નાયકા વગેરે આદિવાસીઓ દ્વારા રંગોનો તહેવાર હોળી અલગ-અલગ રીતે ઉજવવામાં આવે છે. ધરમપુર-કપરાડામાં હોળીના તહેવારની તૈયારી એક સપ્તાહ પહેલાંથી જ થવા માંડતી હોય છે. ભવાનીમાતા, રણચંડી, અંબેમા, દસમાથાનો રાવણ વગેરે જેવા ધાર્મિક પાત્રોના લાકડામાંથી કોતરેલા ચહેરા-મ્હોરાંની વિધિવત પૂજા કરી, આ ચહેરા-મ્હોરા પહેરી હોળીની અનેરી ઉજવણી કરવામાં આવે છે. આ દરમ્યાન ઢોલ-નગારાં, તૂર-થાળી, તારપું, કાંહળી, પાવી, માદળ અને ત્રાસાના નાદ સાથે નૃત્ય કરતા-કરતા એક ગામથી બીજા ગામે ઘૂમવામાં આવે છે તથા અબીલ-ગુલાલની છોળો વચ્ચે થાળી લઈ ફાળો ઉઘરાવવામાં આવે છે જેને હોળીનો ફગવો કહેવામાં આવે છે. કેટલીક આદિવાસી તમાશા પાર્ટીઓ ગામેગામ ફરી બોલીઓમાં ભવાનીમાતા, લાકડાંનો ઘોડો, સ્ત્રીની (પાતર) વેશભૂષા દ્વારા લોકોને મનોરંજન પુરૂં પાડે છે.

હોળીનો તહેવાર આહવા-ડાંગમાં શિમગાના નામે ઓળખાય છે. ચૌધરી જાતિના લોકો દ્વારા ગવાતાં હોળી ગીતો 'હોળીના લોલા' તરીકે ઓળખાય છે. અતિ લાગણીશીલ એવી આદિવાસી પ્રજાની લાગણી-ઉર્મિઓને હોળીના તહેવાર દરમ્યાન મહાલવી-નિહાળવી એ ખરેખર એક લ્હાવો છે.

ધરમપુરના આદિવાસીઓ હોળી માતાને પહેલાં શણગારે છે. એનો શણગાર લાકડાં, લાંબા વાંસના ઝાંખરાં, ખાખરા (પલાશ)ના ફૂલો તથા શિંગો, સૂપડું, માલપૂડા, છાણાં, નારિયેળ તથા ફૂલોથી કરવામાં આવે છે. વાંસની ટોચ પર વાટી અને હાડ્ડા (સાકર), ખજૂર વગેરે લટકાવવામાં આવે છે. આ બધી સામગ્રી પૂરતા પ્રમાણમાં રાખવામાં આવે છે જેનાં કારણે મધ્યમાં રાખવામાં આવેલ વાંસ ઝૂકી પડે છે. ત્યારે સ્ત્રીઓ પારંપારિક ગીત ગાય છે 'ડોંગરી કનગુલી કનગુલી, હોળી દમેલી વ પાપડી ચે ભારયે ભારયે'. હોળી માતાને બરાબર શણગાર્યા પછી પંચાંગમાં જણાવેલ સમયે ગામના ભગત તથા વૃદ્ધોની હાજરીમાં પ્રગટાવવામાં આવે છે. ત્યાં એને નારિયેળનું નૈવેદ્ય ધરાવવામાં આવે છે. પ્રગટેલ હોળી માતાને ફરતે નાચતાં-ગાતાં પાંચ ફેરા ફરવામાં આવે છે. ફેરા લગાવતી વખતે એને પૈસા તથા અક્ષત અર્પિત કરવામાં આવે છે. જેમણે માનતા-બાધા માની હોય કે તે માનતાની વસ્તુઓ હોળી માતાને અર્પિત કરી, પગે લાગે છે. હોળીના



તહેવાર માટે મુખ્ય લાકડું ખજૂરીનું તુંબું હોય છે. હોલિકા દહન બાદ સળગેલા તુંબાંના કાજળથી સૌ તિલક કરે.

હોળીને પ્રગટાવ્યા બાદ જો હોળી પૂર્વ દિશા તરફ ઝૂકી પડે તો તેને શુભ માનવામાં આવે. એવી માન્યતા છે કે જો હોળી પૂર્વમાં પડે તો તે વરસ સારું જાય, એ વરસે વરસાદ સારો થાય, પાકમાં રોગ ન આવે. વાંસની ટોચે લટકાવેલ સામગ્રી મેળવવા માટે જુવાનિયાઓમાં સ્પર્ધા જામે. કેમકે જે જુવાનિયા એ સામગ્રીને મેળવે તેમના માટે માન્યતા છે કે તેમના લગ્ન એ વરસે થશે.

હોળીને પ્રગટાવવાની જગ્યાએ એક ખાડો ખોદવામાં આવે, જેમાં પૂજા-અર્ચના કર્યા બાદ હોળીના મુહુર્ત રૂપે એક તુંબુ ઊભું રાખવામાં આવે છે તથા તેને ટેકવીને બીજાં તુંબાં અથવા લાકડાં ગોઠવવામાં આવે. પૂજા દરમ્યાન ખાડામાં નારિયેળ નાંખવામાં આવે છે જેને હોલિકા દહન બાદ કાઢી લેવાય છે. જેમણે માનતા રાખી હોય કે ઉપવાસ કર્યો હોય તેઓ હોલિકા દહન બાદ જ પારણું કરે છે. આમ હોળી પર્વ ખૂબ જ ઉમંગ-ઉત્સાહ તથા નાચ-ગાન સાથે ધામધૂમથી મનાવવામાં આવે છે. આ હોળીને મોટી હોળી તથા આનાં પહેલાં મનાવવામાં આવતી હોળીને નાની અથવા કૂકડ હોળી કહેવામાં આવે છે. હોળી પ્રગટાવ્યા બાદ ગામના છોકરા-છોકરીઓ દરેક ઘરે જઈ ચોખા અને નાગલીનો લોટ માંગી લાવી, હોળીના થાનકે રોટલા બનાવી હળીમળીને આનંદથી ખાય છે. સ્ત્રીઓ મોડે સુધી ગીતો ગાય છે. ફાગણ પૂર્ણિમાથી શરૂ થતો આ ઉત્સવ હોળી પાંચમ એટલે કે ફાગણ વદ (રંગ) પંચમી સુધી મનાવવામાં આવે છે. હોળીના બીજા દિવસે નાનાં બાળકોથી લઈ વૃદ્ધો રસ્તા પર ફગવો માંગવા ઊભા રહે છે. હોળી પાંચમ બાદ જ લોકો પોતાના કામ-ધંધે જાય. અને આ તિથિ બાદ આદિવાસીઓની લગ્નની મોસમ શરૂ થાય.

## હોલિકાનો પ્રેમી ઇલ્લાજી



જંબુસર શહેરની પાંજરાપોળ પટેલ ખડકીમાં હોળીના દિવસે ઇલ્લાજીની માટીની પ્રતિમા બનાવી ધુળેટીના દિને સવારે પૂર્વજોની પરંપરા મુજબ ઇલ્લાજીની સ્મશાનયાત્રા કાઢવામાં આવે છે. પટેલ ખડકીમાં પેઢીઓથી પરંપરાગત હોળી પર્વની ઉજવણી કરવામાં આવે છે જે મુજબ હોળીના દિવસે તળાવની માટીમાંથી ઇલ્લાજીની પ્રતિમા બનાવવામાં આવે છે અને ફળિયાના યુવાનો દ્વારા તેને ધાણી, ચણાનો ભોગ ધરાવવામાં આવે છે. ધુળેટીના દિવસે સવારે પટેલ ખડકી તથા આજુબાજુની ખડકીના લોકો એકત્ર થઈ નનામીમાં સુવડાવી ફૂલહાર ચઢાવી આરતી કરી સ્વજનની જેમ સ્મશાનયાત્રા કાઢી તેને વિદાય આપે છે. લોકવાયકા મુજબ ઇલ્લાજી હોલીકાનો પ્રેમી હતો. હોળીના દિવસે હોલિકા અગ્નિમાં ભસ્મીભૂત થાય છે. બીજા દિવસે ઇલ્લાજી લગ્ન કરવા માટે હિરણ્યકશ્યપને ત્યાં જાય છે અને જુએ છે તો હોલિકાનું દહન થઈ ગયું હતું અને રાખ જોઈ તે ખૂબ દુ:ખી થાય છે. તેનું મન વિચલિત થતાં તે ભાવવિભોર બની રાખમાં ખૂબ જ આળોટે છે અને તેમાંથી વિવિધ રંગો ઉત્પન્ન થાય છે. ત્યારથી જ આ ધૂળેટીના પાવન પર્વની ઉજવણી કરવામાં આવે એવી પાંજરાપોળ પટેલ ખડકીના લોકોની માન્યતા છે.

## બિબ્બર ગામમાં ઘેર ઘેર હોળી

કચ્છનાં મોટા ભાગનાં ગામો અને શહેરોમાં હોળીની પરંપરાગત જ ઉજવણી કરવામાં આવે છે, પરંતુ અમુક ગામો પોતાની આગવી વિશિષ્ટતા જાળવી રહ્યા છે. નખત્રાણા તાલુકાના બિબ્બર ગામની પરંપરા તો સૌથી અનોખી છે. ભુજથી ૪૫ કિલોમીટરના અંતરે આવેલા બિબ્બર ગામની હોળી દહનની પરંપરા ગુજરાતમાં ક્યાંય ન થતી હોય તેવી છે. સામાન્ય રીતે દરેક ગામમાં શેરી કે ચોકમાં હોળી પ્રગટે છે, પરંતુ બિબ્બર ગામના દરેક ઘરના આંગણામાં હોળી પ્રગટે છે. આશરે ૩૫૦ ઘર આ ગામમાં છે. આ દરેક ઘર પાસે પ્રગટેલી નાની-નાની હોળી રાતના સમયે આકાશમાંથી ઊતરેલા તારા જેવી લાગે છે. ગામના સરપંચના જણાવ્યા અનુસાર ગામમાં હોળી માટેના ખાસ મેદાનમાં એક મોટી હોળી પહેલા પ્રગટે છે. પછી તેના જ પ્રજવલિત કરાયેલા છાણાંથી ગામના દરેક ઘરોનાં આંગણામાં રચાયેલી હોળી પ્રગટાવાય છે. આ પ્રસંગે નવપરણિત યુગલો હોળીની પ્રદક્ષિણા કરે છે. ત્યાર પછી ગામના બધા જ નવપરણિત યુવાનોએ મોટી હોળીનું એક સળગતું છાણુ લઈને શ્વાસ લીધા વગર દોડીને ગામથી દોઢેક કિ.મી. તળાવના કિનારે આવેલા મંદિરમાં પહોંચાડવાનું હોય છે. કોઈ એક યુવાન તો શ્વાસ લીધા વગર આટલું અંતર દોડી ન શકે આથી થોડા થોડા અંતરે યુવકો ઊભા રહે છે અને એક થાકે એટલે બીજો તેના હાથમાંથી છાણુ લઈ લે છે. આમ રીલે રેસની જેમ એક બીજાના હાથમાં થઈને તે છાણુ મંદિરે પહોંચે છે. પછી છાણાને તળાવમાં પધરાવી દે છે.

## બરડા પંથકમાં ધૂળેટીના દિવસે છાણાં મારવાની રમત

ધૂળેટીના તહેવાર નિમિત્તે સામાન્ય રીતે લોકો એકબીજાને રંગો ઉડાડી આ ઉત્સવની ઉજવણી કરતા હોય છે પરંતુ પોરબંદરના બરડા



પંથકના ખીસ્ત્રી સહિતના અનેક ગામોમાં એક અનોખી પરંપરા વર્ષોથી ચાલી આવે છે. ધૂળેટીના દિવસે તમામ ગ્રામજનો અહીંના ચોકમાં એકઠા થાય છે અને ચોકમાં જ છાણાંનો ઢગલો કરવામાં આવે છે. બાદમાં ઢોલ અને નગારાના તાલ સાથે અહીં લોકો એકબીજાને છાણાં મારે છે. આ રીતે વર્ષ દરમ્યાન એકબીજા સાથે થયેલ મનદુ:ખ રમત રમીને ભુલાવી દેવાય છે. પોરબંદર નજીક આવેલા વિસાવાડા, ખીસ્ત્રી, ઘેડ પંથકના કડેગી સહિતના અનેક ગામોમાં ધુળેટીના દિવસે છાણાંની રમતનું અનોખું મહત્વ રહેલું છે. આ અનોખી રમતમાં ગામના ચોરે નાના બાળકોથી લઈ વૃદ્ધો સુધી સૌ ભાગ લે છે. વર્ષોથી ચાલી આવતી આ પરંપરા વિષે ગામલોકોનું કહેવું છે કે વર્ષ દરમ્યાન ગામના લોકોને એકબીજા સાથે કોઈ મનદુ:ખ થયું હોય તો તેઓ આ દિવસે એકબીજા પર છાણાં ફેંકી અને પોતાનો ગુસ્સો શાંત કરે છે અને તમામ વેરઝેર ભૂલી જાય છે. આ રમત પણ શાંતિ અને શિસ્તથી રમવામાં આવે છે.

## ખોખરાઉંમરની હોળીની ઘેરૈયા પરંપરા

દેડિયાપાડા તાલુકાના ખોખરાઉંમર સહિત અનેક ગામોના આદિવાસીઓ તેમના પ્રિય તહેવાર હોળીની પૂર્વવાયકાઓ જાળવીને પરંપરા મુજબ ધામધૂમથી ઉજવણી કરે છે. આદિવાસી સમાજના વડીલોની માન્યતા મુજબ હોળીની આસ્થા દેવમોગરા માતાજીના મેળા સમાપ્તી સાથે જોડાયેલી છે. શિવરાત્રિના ત્રીજા દિવસ એટલે કે ગીંબદેવના દિવસેથી મોટા ભાગના ઘેરૈયાઓ પોતપોતાના કપડા જાતે ધુએ છે. જે દિવસથી ઘેરૈયા પૂર્વ તૈયારી કરે છે ત્યારથી મોટે ભાગે પોતાના ઘરે જતા નથી એટલે કે બ્રહ્મચારી જીવન વિતાવે છે. ઘેરૈયા બનવાની નિશાની તરીકે વાંસની સોટી રાખે છે, માથે મોટો રૂમાલ બાંધે છે. સતત પંદર દિવસના બ્રહ્મચારી જીવન દરમિયાન ચણાની કોઇપણ પ્રકારની વાનગી ખાતા નથી. હોળી માતાને ચઢાવાતો પૂજાપો જેવો કે કંકુ, દાળીયા, ખજુર, કોપરા અને અન્ય વસ્તુઓ ખાવાનું તો ઠીક અડકતા પણ નથી. સાચા ઘેરૈયા તરીકે પગમાં ચંપલ કે બુટ



પહેરતા નથી. હાથમાં રીહટીયું, એક પ્રકારનું વાદ્ય રાખે છે જેના દ્વારા હોળીના ગીતો વગાડે છે. હોળીના દિવસે બધા ઘેરૈયા ઉપવાસ રાખે છે. પોતાનો સામાન એટલે કે ઘુઘરા, મોરના પીંછાની ચમરી, કોપરામાં રાખેલ હારડો, અરીસો અને અન્ય શણગાર તૈયાર રાખીને સાંજની હોળીની તૈયારીમાં લાગી જાય છે. રાત્રે હોળી માતાની પૂજા થાય છે. બધા ઘેરૈયા હોળી માતાની પૂજા કરે છે. પોતપોતાના શણગાર સજીધજીને લાલ કલરનું ધોતીયું, બંડી પહેરીને હોળીમાં જાય છે. બ્રહ્મચર્યની સાબિતી રૂપે હોળીની આગમાં કુદકો મારે છે, પ્રદક્ષિણા કરે છે. હોળી માતાના આશીર્વાદ રૂપે એમને પગમાં કોઇ પણ પ્રકારની ઇજા થતી નથી. આ વિધિ પતી ગયા બાદ બધા ઘેરૈયા સાથે ઉપવાસ છોડે છે. સતત પાંચમ સુધી આજુબાજુના ગામડામાં ફરીને ગેર ઉઘરાવે છે અને પાંચમના દિવસે હોળીમાતાની પૂર્ણાહુતિ કરે છે. પ્રચલિત માન્યતા પ્રમાણે કુદરતે આખા વર્ષ દરમિયાન જે સાચવ્યાં છે, જે અનાજ આપ્યું છે તેના બદલામાં કુદરતનો આભાર માનવા માટે આદિવાસીઓ આ પ્રકારની હોળીની ઉજવણી કરે છે. આદિવાસીઓની કુદરત સાથે આસ્થા જોડાયેલી છે. વતનથી હજારો માઇલ દૂર રોજીરોટી માટે જતા આદિવાસીઓ હોળીના પર્વ ટાણે તમામ કામોને પડતા મુકી વતનની વાટ પકડતા હોય છે જ્યાં તેઓ કુદરતના ખોળે હોળીના ફાગ ગાઇ અને દેશી વાજિંત્રોના તાલે રાતભર નાચગાન કરી પર્વની અનેરી ઉજવણીનો લાભ ઉઠાવતા હોય છે.

## હોળીના અંગારા પર ચાલવાની પરંપરા

ગાંધીનગરના પાલજ ગામે હોળીના દિવસે પ્રગટાવવામાં આવતી હોળીનું વિશેષ મહત્વ છે. આ ગામમાં હોળી પ્રગટાવીને તેના અંગારાઓ પર ઉઘાડા પગે ચાલવાની વર્ષો જૂની પરંપરા છે. નવાઇની વાત એ છે કે ધગધગતા અંગારાઓ પર બાળકોથી માંડીને મોટેરાઓ સૌ કોઇ ઉઘાડા પગે ચાલી નીકળતા હોવા છતાં તેઓ દાઝતા હોતા નથી. હોળી પ્રાગટ્યની આ અનોખી પરંપરાને નિહાળવા માટે દેશ-વિદેશમાંથી લોકો પાલજ ગામે આવે છે. ગ્રામજનોની માન્યતા છે કે ગામમાં મહાકાળી માતાજીનું મંદિર છે તેના સતના કારણે અંગારા પર ચાલવા છતાં આજ સુધી એકેય શ્રદ્ધાળુને સામાન્ય ઇજા પણ થવા પામી નથી. અહીં હોળીના દિવસે સાંજે સાત વાગ્યે હોળી પ્રગટાવાય છે અને પછી આ અંગારાઓ પર ચાલવા માટે લાંબી લાઇનો લાગે છે. ગામમાં હોળી પ્રગટે તેની જ્વાળાઓ છેક સો ફૂટ ઊંચે જતી હોય છે અને પૌરાણિક માન્યતા અનુસાર હોળીનો તાપ લેવાથી વર્ષ દરમિયાન શરીરમાં કોઇ બીમારી આવતી નથી. હોળીના દિવસે ગામમાં મેળો પણ ભરાય છે. જેમાં પાલજ ઉપરાંત આજુબાજુના ગામોમાંથી પણ મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ આવે છે.



અંગારા ઉપર ચાલવાની પરંપરા અન્ય ગામોમાં પણ જોવા મળે છે. વિસનગર તાલુકાના લાછડી ગામમાં પણ ૨૫૦ વર્ષથી હોળીના અંગારા પર ચાલવાની પ્રથા ચાલે છે. સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના મજરા ખાતે છેલ્લા ૫૦૦ વર્ષથી પ્રાચીન પરંપરા મુજબ ઘરે ઘરે જઇ લાકડા-છાણાં ઉઘરાવી હોળીની રાત્રે બે અલગઅલગ હોળી પ્રગટાવવામાં આવે છે. દાદા ભૈરવનાથના દર્શન તથા મજરાની હોલિકા દહન જોવા માટે શ્રધ્ધાળુઓ પ્રાંતિજ તાલુકા સહિત મહેસાણા, અમદાવાદ, મોડાસા, ગાંધીનગર વગેરે જગ્યાએ આવે છે. અહીં વર્ષોથી અંગારા પર ચાલવાની પરંપરા પ્રચલિત થઇ છે જેને ગ્રામજનો ભૈરવનાથની કૃપા માને છે. ખેડાના પલાણા ગામે પણ હોળી દહન પછી જે અંગારા બને છે તેના પર ગામના યુવાનો ખુલ્લા પગે ચાલે છે.

## ગુજરાતનું એક એવું ગામ હોળી નથી ઉજવતું

બનાસકાંઠા જીલ્લાનું એક એવું ગામ છે જ્યાં હોળીના પર્વની વર્ષોથી ઉજવણી થતી નથી. દેશભરમાં જ્યારે ધામધૂમથી રંગોના તહેવાર




એવી હોળીને ઉલ્લાસભેર ઉજવામાં આવે છે ત્યારે છેલ્લા ૨૦૦ વર્ષોથી આ ગામ હોળી પ્રગટાવવામાં આવતી નથી. બનાસકાંઠા જીલ્લાના ડીસા તાલુકામાં રામસણ ગામ આવેલું છે જેનું પૌરાણિક નામ રામેશ્વર છે. એવું કહેવાય છે કે ભગવાન શ્રીરામે અહીં રામેશ્વર ભગવાનની પૂજાઅર્ચના કરી હતી. રામેશ્વરના નામ પર વસેલા આ ગામમાં લગભગ ૧૦ હજારની વસતી છે. આ ઐતિહાસિક ગામમાં આશરે ૨૧૦ વર્ષ પહેલા હોળી પ્રગટ કરવામાં આવી હતી. પરંતુ તે સમયે અચાનક ગામમાં આગ લાગી ગઈ હતી. ગામનાં ઘણા ઘરો આ આગની ચપેટમાં આવીને બળીને ખાખ થઈ ગયા હતા. જેનાથી આ ગામમાં રહેતા લોકો ડરી ગયા હતા. આગ કેમ લાગી તેની લોકમાન્યતા એવી છે કે, આ ગામના રાજાએ સાધુસંતોનું અપમાન કર્યું હતું જેથી સાધુસંતોએ ક્રોધિત થઈને શ્રાપ આપ્યો હતો કે, હોળીના દિવસે આ ગામમાં આગ લાગશે. ગામ લોકો માને છે કે આ શ્રાપને કારણે હોળી પર્વ પર ગામમાં આગ લાગી ગઈ અને તબાહી સર્જાઈ હતી. આગ લાગી તેના ઘણા વર્ષો બાદ આ ગામમાં લોકોએ ફરી હોળી પ્રગટાવવાનો પ્રયત્ન કર્યો તો ફરી આ ગામમાં આગ લાગી અને કેટલાક મકાનો પણ આગમાં બળીને ખાખ થઇ ગયા હતા. ત્રણ વખત હોળીના પર્વ પર આવું જ થવા લાગ્યું ત્યારથી હોળી પ્રગટવાનું ગામ લોકોએ બંધ કરી દીધું છે. વર્ષો પહેલા બનેલી ઘટનાથી આ ગામના લોકો એટલા ભયભીત છે કે તેઓ આજે પણ ગામમાં હોળી પ્રગટાવતા નથી. ગામના લોકો હોળીના દિવસે ભેગા થઈને રમત રમીને આ દિવસ વિતાવે છે. હોળી ઉજવવામાં જે ખર્ચ થાય તેનો ઉપયોગ ગાયને ઘાસ નાખવામાં કરવામાં આવે છે.

(Sources & Photo Courtesy : www.divyabhaskar.co.in, https://gujarati.news18.com, https://zeenews.india.com, https://gujarati.webdunia.com, www.proudofgujarat.com, www.magzter.com, https://tejgujarati.com, https://porbandartimes.com, https://sandesh.com, https://policeparivar.co.in, https://images.bhaskarassets.com, https://images.news18.com)